જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

## –: કોન્ટ્રાકટ બેઈઝ ભરતી જાહેરાત :–

## જાહેરાત ક્રમાંક : ૦૭ અને ૦૮/૨૦૨૩–૨૪

જામનગર મહાનગરપાલિકા ખાતેની યુ.સી.ડી. શાખાની કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઇ તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની કામની જરૂરીયાતને ધ્યાને લઇ નીચે મુજબની જગ્યાઓ **૬(છ) માસનાં કોન્ટ્રાકટ બેઇઝ આધારીત** તદ્દન હંગામી ધોરણે કોઇ પણ જાતનાં હક્ક–હિસ્સા વગર ભરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને વોક–ઈન–ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. ઉકત બંને જગ્યાઓ માટે જાહેરાત મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **www.mcjamnagar.com** પરથી અરજી ફોર્મ ડાઉનલોડ શકશે. તેમજ આ જાહેરાત માટેનાં અરજી ફોર્મ તા.૨૩/૧૨/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકથી તા. ૦૧/૦૧/૨૦૨૪ સુધી માત્ર જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરી શકાશે.

**વોક–ઈન–ઈન્ટરવ્યુ :–**

૧. તારીખ :– ૦૨/૦૧/૨૦૨૪

૨. **ડોકયુમેન્ટ રજીસ્ટ્રેશન :–** સવારે ૯:૩૦ કલાક થી ૧૧:૦૦ સુધી

૩. **સ્થળ :–** કોન્ફરન્સ હોલ, ૨ જો માળ, ફાયર એન્ડ ઈમરજન્સી શાખા, જયુબીલી ગાર્ડન, લાલ બંગ્લો સર્કલ, જામનગર

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | માસિક ફિકસ પગાર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| ૧. | પ્રોજેકટ ઓફિસર (યુ.સી.ડી.) | ૦૧ | રૂા.૩૦,૦૦૦/– | ૧. માન્ય યુનિ.માંથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (એમ.એસ.ડબલ્યુ.) તથા<br>૨. સરકારી / અર્ધ–સરકારી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો આવી જગ્યાનો ૩ વર્ષનો અનુભવ |
| ૨. | લાઇવ સ્ટોક ઈન્સ્પેકટર | ૦૨ | રૂા.૧૫,૦૦૦/– | ૧. ધો.–૧૦ પાસ અંગ્રેજી વિષય સાથે તથા<br>૨. લાઇવ સ્ટોક ઈન્સ્પેકટરનો ૧ વર્ષનો સરકાર માન્ય સંસ્થામાંથી કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ. **અથવા** (ICAR) ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચ હેઠળ માન્યતા પ્રાપ્ત યુનિ./સંસ્થામાંથી ૩ વર્ષનો ડિપ્લોમા ઈન વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસ્બન્ડરીનો કોર્ષ પાસ અથવા ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી કોર્ષ પાસ |

**વયમર્યાદા :–**

(૧) ઉપરોકત બંને જાહેરાતની જગ્યાઓ પૈકી જાહેરાત ક્રમાંક ૦૭/૨૦૨૩–૨૪ માટેની વયમર્યાદા ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષની રહેશે તથા જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૩–૨૪ માટેની વયમર્યાદા ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૩૩ વર્ષની રહેશે.

(૨) તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા માટે અંતિમ તારીખ તા.૦૧/૦૧/૨૦૨૪ ને ધ્યાને લેવામાં આવશે. તેમજ આ તારીખને જ કટ ઓફ ડેટ ગણવાની રહેશે.

(૩) ઉપરોકત બંને જાહેરાતની જગ્યાઓ પૈકી જાહેરાત ક્રમાંક ૦૭/૨૦૨૩–૨૪ નાં કિસ્સામાં કોઇ પણ સંજોગોમાં ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહી તેમજ જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૩–૨૪ નાં કિસ્સામાં કોઇ પણ સંજોગોમાં ઉમેદવારની ઉંમર ૩૩ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.

(૪) જામનગર મહાનગરપાલિકાનાં જાહેરાતની તારીખે કોન્ટ્રાકટ બેઇઝથી ફરજ બજાવતા કર્મચારીઓ જો આ જગ્યામાં ફોર્મ ભરશે તો માત્ર તેમનાં કિસ્સામાં જ ઉંમરનો બાધ ગણવામાં આવશે નહી.

- **પસંદગી પ્રક્રિયા :–**

➢ **જાહેરાત ક્રમાંક : ૦૭/૨૦૨૩–૨૪ (પ્રોજેકટ ઓફિસર (યુ.સી.ડી.)) :–**

(૧) પ્રોજેકટ ઓફિસર(યુ.સી.ડી.)ની જગ્યા માટેની પસંદગી પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. જેનાં માર્કસની ગણતરી નીચે મુજબની વિગતે કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત અને ઈન્ટરવ્યુ | માર્કસ |
|---|---|---|
| ૧. | માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (બી.એસ.ડબલ્યુ.) | ૬૦% |
| ૨. | અનુભવનાં માર્કસ (૧ વર્ષનાં ૨ માર્કસ લેખે વધુમાં વધુ ૫ વર્ષનાં ૧૦ માર્કસ લેખે) | ૧૦% |
| ૩. | વોક–ઈન–ઈન્ટરવ્યુનાં માર્કસ | ૩૦% |
| | કુલ | ૧૦૦% |

(૨) ઉમેદવારોનાં સરખા માર્કસનાં કિસ્સામાં જન્મ તારીખને આધારે અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.

(૩) ભરતી માટેની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા હાથ ધરવામાં આવશે.

(૪) વોક–ઈન–ઈન્ટરવ્યુ અને ડોકયુમેન્ટ વેરીફિકેશન કર્યા બાદ, તમામ ડોકયુમેન્ટ, પ્રમાણપત્રની ખરાઇ, તપાસ કર્યા બાદ જ મેરીટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૫) આ જગ્યાની જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતમાં ૩ વર્ષનો અનુભવ ફરજીયાત હોય, જે ઉમેદવારો ૩ વર્ષ કરતાં વધુ અનુભવ ધરાવતા હશે માત્ર તેઓનાં કિસ્સામાં જ અનુભવનાં માર્કસ ધ્યાને લેવામાં આવશે.

(૬) ફાઇનલ મેરીટ લીસ્ટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

➢ **જાહેરાત ક્રમાંક : ૦૮/૨૦૨૩–૨૪ (લાઇવ સ્ટોક ઈન્સ્પેકટર) :–**

(૧) લાઇવ સ્ટોક ઈન્સ્પેકટરની જગ્યા માટેની પસંદગી પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. જેનાં માર્કસની ગણતરી નીચે મુજબની વિગતે કરવામાં આવશે.

## જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

| ક્રમ | શૈક્ષણિક લાયકાત અને ઈન્ટરવ્યુ | માર્કસ |
|---|---|---|
| ૧. | ધો.–૧૦ (એસ.એસ.સી.) | ૪૦% |
| ૨. | લાઇવ સ્ટોક ઈન્સ્પેકટરનો ૧ વર્ષનો કોર્ષ પાસ **અથવા** ૩ વર્ષનો ડિપ્લોમા ઇન વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસ્બન્ડરીનો કોર્ષ પાસ અથવા ડિપ્લોમા ઇન એનીમલ હસ્બન્ડરી કોર્ષ પાસ | ૫૦% |
| ૩. | વોક–ઈન–ઈન્ટરવ્યુનાં માર્કસ | ૧૦% |
| | કુલ | **૧૦૦%** |

(૨) ઉમેદવારોનાં સરખા માર્કસનાં કિસ્સામાં જન્મ તારીખને આધારે અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.

(૩) ભરતી માટેની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા હાથ ધરવામાં આવશે.

(૪) વોક–ઈન–ઈન્ટરવ્યુ અને ડોકયુમેન્ટ વેરીફિકેશન કર્યા બાદ, તમામ ડોકયુમેન્ટ, પ્રમાણપત્રની ખરાઇ, તપાસ કર્યા બાદ જ મેરીટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૫) ફાઇનલ મેરીટ લીસ્ટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

## –: ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ :–

(૧) ઉપરોકત લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **www.mcjamnagar.com** ઉપર તા. ૨૩ / ૧૨/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકથી તા. ૦૧ / ૦૧/૨૦૨૪ નાં રોજ રાત્રે ૨૩ : ૫૯ કલાક સુધીમાં નિયત અરજી ફોર્મ ડાઉનલોડ કરી લેવાનું રહેશે.

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપરથી નિયત સમય મર્યાદામાં અરજી ફોર્મની પ્રિન્ટ કાઢીને ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો ભરીને વોક–ઈન–ઈન્ટરવ્યુમાં સાથે લાવવાનું રહેશે. આ જવાબદારી સંપૂર્ણ રીતે ઉમેદવારોની રહેશે.

(૩) જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ અરજી ફોર્મ જ માન્ય રાખવામાં આવશે. અરજી ફોર્મ વગરનાં ઉમેદવારોને જગ્યા માટે લાયક ગણવામાં આવશે નહી.

(૪) ઉપરોકત બંને જગ્યા માટે કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ (સી.સી.સી.) માટે સરકાર માન્ય સંસ્થાનું સી.સી.સી. પાસ કર્યાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ જે ઉમેદવારે ધો.–૧૦, ધો.–૧૨ અથવા સ્નાતકનાં અભ્યાસમાં જો કોમ્પ્યુટર વિષય તરીકે હોય તેવા ઉમેદવારોએ સી.સી.સી. પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે નહી.

(૫) ઉકત દર્શાવેલ તારીખ અને સમય પછી કોઇ પણ પ્રકારે કરવામાં આવેલ અરજી ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહી કે સ્વીકારવામાં આવશે નહિ.

(૬) ટપાલ કે કુરીયર દ્વારા કોઈ અરજી પત્રક મોકલવા નહિ. માત્ર જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરેલ નિયત અરજી ફોર્મને જ ધ્યાને લેવામાં આવશે.

(૭) વોક–ઈન–ઈન્ટરવ્યુમાં ઉમેદવારે જામનગર મહાનગરપાલિકા તરફથી ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે જે પ્રમાણપત્રો માંગવામાં આવેલ તે ડોકયુમેન્ટ, પ્રમાણપત્રો, આધાર–પુરાવાઓ અસલમાં અને નકલ બંનેમાં રજુ કરવાનાં રહેશે.

(૮) ઉમેદવારે રજુ કરેલ પ્રમાણપત્ર ખોટા નિવડે તો નિમણૂક રદ્દ થવા પામશે તેમજ ઉમેદવાર વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૯) ઉમેદવારની નિમણૂક શૈક્ષણિક લાયકાત સબંધી આપેલ વિગતો આધારે આપવામાં આવેલ છે. શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, જન્મ / શાળા છોડયાનું પ્રમાણપત્ર વગેરેમાં જણાવેલ માહિતી ક્ષતિયુકત કે ખોટી જણાયેથી નિમણુંક રદ્દ કરવામાં આવશે અથવા સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૧૦) ઉમેદવારને માત્ર વોક–ઈન–ઈન્ટરવ્યુમાં આવ્યેથી જ તેઓ જગ્યા માટે તમામ લાયકાત સંતોષે છે તેવું માની શકાશે નહી કે ભવિષ્યમાં તેઓ જગ્યાની નિમણૂક માટે દાવેદારી નોંધાવી શકશે નહી.

(૧૧) જામનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ સ્થળ, સમય અને તારીખે જ ઉમેદવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ માટે પોતાનાં સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૨) પસંદગી પામેલ ઉમેદવારને નિયત માસિક ફિકસ પગાર ઉપરાંત કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૧૩) જન્મ તારીખનાં આધાર–પુરાવા માટે ધો.–૧૦(એસ.એસ.સી.)નું પ્રમાણપત્ર (ધોરણ–૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફિકેટ બેમાંથી એક કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય અથવા જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉમરનાં આધાર–પુરાવા માટે માન્ય ગણવામાં આવશે.

(૧૪) ઉમેદવારે અરજી ફોર્મમાં ભરેલ વિગતો અને રજુ કરેલ પ્રમાણપત્ર ખોટા નિવડે તો નિમણૂક રદ્દ થવા પામશે તેમજ ઉમેદવાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૫) ઉમેદવાર અરજી ફોર્મમાં જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ ભરતીને લગત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબર ઉપર જ મોકલવામાં આવશે. જેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી. સાચો મોબાઇલ નંબર દર્શાવેલ ન હોય અથવા અન્ય કોઇ કારણસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે જામનગર મહાનગરપાલિકા જવાબદાર ગણાશે નહી.

(૧૬) આ જાહેરાત કોઇ પણ પ્રકારે કે કોઇ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય તો તે કરવાનો જામનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા માટે જામનગર મહાનગરપાલિકા બંધાયેલ રહેશે નહી.

(૧૭) ભરતી પ્રક્રિયા અન્વયેની તમામ જાણકારી માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ સમયસર ચેક કરતાં રહેવાની ઉમેદવારોને ભલામણ છે.

(૧૮) ઉમેદવારોને નિમણૂક આપવી કે ન આપવી તે બાબતેનાં તમામ અધિકાર સક્ષમ સત્તાધિકારીશ્રીને અબાધિત રહેશે.

(૧૯) જો ખોટા / બનાવટી ડોકયુમેન્ટ, આધાર–પુરાવાઓ રજુ કરીને નિમણૂક મેળવેલ હશે તેની જાણ થયેથી તાકીદની અસરથી કોઇ પણ પ્રકારની જાણ કર્યા વગર કે નોટીસ પાઠવ્યા વગર નિમણૂક રદ્દ કરવામાં આવશે.

(૨૦) જાહેરાત સબંધી પૂછપરછ માટે સામાન્ય વહિવટ વિભાગ, ૨ જો માળ, મુખ્ય વહિવટી ભવન, જ્યુબીલી ગાર્ડન, લાલ બંગ્લા સર્કલ, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા ટેલીફોન નંબર – ૦૨૮૮ – ૨૫૫૦૨૩૧ (એક્સ્ટે. નં. – ૨૦૫ અને ૨૦૭) ઉપર સવારે ૧૧ : ૦૦ કલાકથી ૦૧ : ૦૦ કલાક સુધી અને બપોરે ૦૩ : ૦૦ કલાકથી સાંજે ૦૫ : ૦૦ કલાક સુધી પૂછપરછ કરી શકાશે.

તારીખ :– ૨૦ /૧૨/૨૦૨૩.
સ્થળ : જામનગર.

નાયબ કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહિવટ વિભાગ

**પ્રોજેક્ટ ઓફિસર (યુ.સી.ડી.) ની જગ્યા કોન્ટ્રાકટ બેઇઝથી ભરવા માટેનાં અરજી ફોર્મ**

**વોક–ઈન–ઈન્ટરવ્યુ તા.૦૨/૦૧/૨૦૨૪**

ઉમેદવારનું નામ :–

| અટક | નામ | પિતા / પતિનું નામ |
|---|---|---|

જન્મ તારીખ :– ઉંમર :– વર્ષ

સરનામું :–

ગામ : તાલુકો : શહેર : પીન કોડ :

મોબાઇલ નંબર :–

**શૈક્ષણિક લાયકાત**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ / સંસ્થા | વર્ષ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (એમ.એસ.ડબલ્યુ.) | | | |

**અનુભવની વિગત**

| ક્રમ | જગ્યાનું નામ | સંસ્થા / કચેરીનું નામ | તારીખ | સમયગાળો (વર્ષ અને માસ) |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |

"આથી હું ........................................................................................................ ખાતરીપૂર્વક જાહેર કરૂ છું કે, આજરોજ તા.૧૨/૧૨/૨૦૨૩ નાં રોજ જામનગર મહાનગરપાલિકા ખાતે અર્બન પ્લાનરની કોન્ટ્રાકટ બેઇઝથી ભરવાની થતી જાહેરાત માટેનાં વોક–ઈન–ઈન્ટરવ્યુ માટે મારા સ્વ–પ્રમાણિત કરેલા ડોકયુમેન્ટસ જમા કરાવું છું આ પ્રમાણપત્રો મારા પોતાનાં હોય અને ઉપરોકત તમામ વિગતો / પ્રમાણપત્રો ખરા છે અને મારી જાણમાં છે. જેની આથી લેખિતમાં બાંહેધરી આપું છું."

**ઉમેદવારની સહી :–**

**તપાસ કરનાર અધિકારીનું નામ**

**સહી**

જામનગર મહાનગરપાલિકા

## :: ઓનલાઈન અરજી પત્રક ::

Passport Size Photo

**"લાઈવ સ્ટોક ઈન્સપેકટર"** ની કરાર આધારીત ફીકસ પગારની ૬(છ) માસ માટેની જગ્યાનું અરજી પત્રક

અટક પોતાનું નામ

ઉમેદવારનું નામ :– ..........................................................................................

સરનામું :– ..........................................................................................

:– ..........................................................................................

મોબાઈલ નંબર :– .................................................................

જન્મ તારીખ :– .................................................................

શૈક્ષણિક લાયકાત :–

| ક્રમ | લાયકાત | બોર્ડનું નામ | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

અનુભવ :– ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**જામનગર મહાનગરપાલિકા**

**અરજી કરવા બાબતેની અગત્યની સૂચનાઓ :–**

(૧) અરજદાર જાહેરાતમાં દર્શાવેલ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અવશ્ય ધરાવતા હોવા જોઈએ. મેળવેલ શૈક્ષણિક લાયકાતની સ્વ–પ્રમાણિત નકલો સાથે જોડવી.

(૨) અનુભવ બાબતે અરજદારે આધારભુત પુરાવાઓ અરજી સાથે રજુ કરવાનાં રહેશે. પુરાવા વગરનાં અનુભવ ધ્યાને લેવામાં આવશે નહી જે ખાસ નોંધ લેવી.

(૩) આ જગ્યા તદ્દન હંગામી છે. ૬(છ) માસની મુદત બાદ કોર્પોરેશનનાં હીતમાં જરૂર જણાયે કરારનો સમયગાળો લંબાવવા વિચારણા કરવામાં આવશે.

(૪) કરાર આધારીત જગ્યા હોય, નિમણુંક કાયમી કરવા સબંધે કોઈ હક્ક દાવો થઈ શકશે નહી. તે અંગેનું કરારનામું કરવાનું રહેશે.

(૫) આ જગ્યા હંગામી હોવાથી જામનગર મહાનગરપાલીકાને જરૂરિયાત ન જણાયે સમયગાળા પહેલાં પણ કરારનો અંત લાવવામાં આવશે.

(૬) આ જગ્યા ઉપર નિમણુંક થનાર ઉમેદવારને નકકી થયા મુજબ બોન્ડ (ડિમાન્ડ) ભરવાનો રહેશે.

**હું જાહેર કરૂં છું કે, અરજીમાં રજુ કરેલ તમામ વિગતો સાચી છે અને જો મારા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અથવા પુરાવાઓ ખોટા / નકલી અથવા ગેરવર્તણુંક મળી આવે તો મારી ઉમેદવારી અયોગ્ય ઠરશે.**

**તારીખ :–**

**ઉમેદવારનું નામ અને**
**સહી**